**गूजरात विद्यापीठ ग्रंथालय**

[ गूजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૬૪૨૭ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय [illegible]

# અર્પણ પત્રિકા

દૈવી સંપત્તિ સંપન્ન સ્વધર્મનિષ્ટ

શ્રીયુત શાહ શામજી લાલજી,

આપ શ્રી એક ઉદાર વૃત્તિવાળા સદકાર્યના પોષક વિદ્યા વ્યાસંગી છો એવું આપના અને મારા ટુંક પરિચય માં જણાતાં હાલમાં મેં આરંભેલી સદપ્રવૃત્તિ કે જેમાં ગુજરાતી તથા મરાઠી બાળકોને સુનિતિના રસ્તા ઉપર ચડાવવા તેમને વિદ્યારૂપી ગુપ્ત ધન આપવા, તથા ધર્મના રસ્તાના સારા સંસ્કારો તેમના હૃદય ઉપર ઉત્પન કરવા મને મદદ કરી આપે ઉત્સાહી કર્યો છે તેને માટે ઇશ્વર આપનું સર્વદા કલ્યાણ કરે એવું તે વિશ્વ નાયક પાસે યાચી આ લઘુ પુસ્તક આપને અર્પણ કરૂં છું તે સ્વીકારી આભારી કરશો.

લી. આપનો

ચુનીલાલ ઉમીયાશંકર પંચોળી

# K. V. DAVE.

## PHOTOGRAPHERS & ENLARGERS

# કે. વી. દવે.

**ફોટોગ્રાફર્સ અને એનલાર્જર્સ, બંદર રોડ-કરાચી.**

જો તમારે દીલ પસંદ અને કીફાયત ભાવે ફોટો પડાવવા
હોય તો બંદર રોડ પર આવેલી આ
દુકાનની મુલાકાત લીઓ.

---

# ધી ચાઇના મ્યુચ્યુઅલ લાઇફ

## ઇન્સ્યુરન્સ કંપની લીમીટેડ

(ગ્રેટ બ્રિટનમાં રજીસ્ટર થએલ)

જો તમારે તમારી જીંદગીનો વીમો ઉતરાવી બચ્ચાં તેમજ કુટુંબનું કાંઇ સાર્થક કરવા ઇચ્છતા હો તો આજ કંપનીમાં વીમો ઉતરાવો, પોલીસી હોલ્ડરને સારો પ્રોફીટ મળે છે. ભાવ વ્યાજબી અને કીફાયત છે. મળો.

**એમ. એસ. કવંશ,**
એજન્ટ

# સ્વદેશી ધોતી જોટા——

વિલાયતી ધોતી જોટાની હરીફાઈમાં સંપુર્ણ ફતેહ
પામેલા બારીક સુતરના કેન્મી ટીપાના
અમદાવાદની સુપ્રસિદ્ધ રામકૃષ્ણ મીલનાં
બનતા સ્વદેશી ધોતી જોટા
વાપરી સ્વદેશી માલને
ઉત્તેજન આપો

## નાનાભાઈ એન્ડ કંપની.

### આ ધોતી જોટાની

બનાવટને માટે તથા ટકાઉપણાને માટે લાહોર ગ્વાલીયર વિગેરે પ્રદર્શનોમાં ચાર સોનાના ચાંદ મળેલા છે.
એક વખત વાપરી ખાત્રી કરવા ભલામણ કરવામાં આવે છે.

ઠેકાણું—ડેન્સો હોલ, કોઠારી બીલ્ડીંગ, બંદર રોડ,—કરાચી.

# શોભાવશો કે સાચવશો ?

હીરા માણેક અને સોના રૂપાની ખરીદી કરતાં ખર્ચ ઘણું થશે અને તેથી શરીરને માત્ર બહારથીજ શોભાવી શકાશે. પણ જો આતંકનિગ્રહ ગોળીઓ ખરીદશો તો તેથી ખર્ચ કમતી થવાની સાથે શરીરને સાચવી શકાશે—જાળવી શકાશે, બળવાન બનાવી શકાશે, અને લાંબી મુદત ટકાવી શકાશે.

વધારે વિગત જાણવા માટે પ્રાઈસલીસ્ટ મંગાવો.

વૈદ્યશાસ્ત્રી

બ્રાન્ચ ઓફીસ<br>નાં. ૩૨૨<br>બંદર રોડ,—કરાચી.

મણીશંકર ગોવિંદજી,<br>જામનગર—કાઠીઆવાડ.

# મોતી બ્રધર્સ

## સાઈકલ મરચંટસ એન્ડ રીપેરર્સ

બંદર રોડ,—કરાચી.

ઈંગ્રેજી બનાવટની બાઈ સીકલો અને લકસના
પુરજાના ડાયરેકટ ઇમ્પોર્ટર્સ

જો ઇંગ્રેજી બનાવટની બાઇસીકલો અને લકસના પુરજા તમારે જોઇતા હોય તો અમને મળો અને એક વખત કામ પાડી ખાત્રી કરો.

અમો બાઈસીકલ, મોટર બાઈસીકલ, પ્રાઇમસનું રીપેરીંગ અને તેના રંગનું કામ મન પસંદ કરી આપીએ છીએ.

અમારે ત્યાંથી સાઇકલોને માટે જોઇતો તમામ સામાન મલી શકશે. કીફાયત ભાવ અને મન પસંદ કામ.

# ભારથ સ્ટોર્સ

શું તમારે સરસ સીલાઈવાળાં કપડાં બનાવવાં છે !

આવો અને જાણીતા બંદર રોડ પર આવેલા

ભારથ સ્ટોર્સની મુલાકાત લીઓ

તમોને તમામ જાતનાં ગરમ રેશમી સુતરાઉ કપડાં આ દુકાંને કીફાયત અને વ્યાજબી ભાવે તેમાં તાસા સીલ્ક નો તો અમારો ખાસ વેપાર છે.

તમામ જાતની ટોપીઓ, મોતી, હુવાલ, રૂમાલ, ગંજી ચાદર, બટન ટાઈ, કોલર, મફલર, બેલ્ટ, બેસીસ અહીંજ મળશે.

સીલાઈનું કામ સરા અનુભવી કારીગરોને હાથે થાય છે, જરૂર આવો અને મુલાકાત લીઓ.

**ભારથ સ્ટોર્સ**

**બંદર રોડ,—કરાચી.**

# પ્રસ્તાવના.

પ્રિય ભાઇઓ, પરમારથ એક મહાન કર્મ છે અને તેજ કર્મ કરવાથી મનુષ્ય આ ક્ષણિક સંસારની સર્વ માયાને તજી ભવ બંધનથી છુટી શ્રી પરમાત્માનાં પરમ પદને પહોંચે છે એ મારૂં અને આપ સર્વ ભાઇઓનું માનવું સત્ય રીતે જોતાં છેજ.

સંસારમાં મનુષ્યને જ્યારે હૃદયથી સત્ય વસ્તુનો દાહ થાય છે ત્યારેજ તેના વિચાર ઉંચ બને છે જે બાબત વધારે જણાવી હું આપનો વધારે સમય લેવા ચાહતો નથી પરંતુ ફક્ત એટલુંજ જણાવું છું કે જ્યાં સુધી મનુષ્ય સત્યતા શું છે તે નથી સમજી શકતો ત્યાં સુધી આ સંસારના સુખ દુઃખનાં સંયોગોમાં આવી પડે છે અને અવર જન્મે પણ આવી પડવાનાંજ.

ભાઇઓ હું એક નિર્ધન બ્રાહ્મણ છું છતાં મારો વિચાર કોઇ પણ કાર્ય પરમારથ માટે કરવું એમ કેટલોક સમય થતાં ચાલતો હોવાથી તે કરવા કેટલુંક મન થયું પણ અંતે નિરાશ બની કાર્યને છોડી દેવું પડયું. કારણ સાધનની ખામી.

ટુંક સમય પહેલાં મેં અહીંના અઠવાડીક પત્ર હિતેચ્છુમાં ગુજરાતી સ્કુલની ખામી અને તેને લીધે ગુજરાતી

બાળકોને ઇંગ્રેજી કેળવણી માટેની મુશીબતો વિષે વાંચ્યું હતું. મને તે વાત સત્ય જણાણી, કારણ હું અહીં પાંચ વરસ થયાં શિક્ષકની નોકરી કરૂં છું.

ઉપરની બાબતમાં કેટલીક ચર્ચા તે પત્ર દ્વારા ચાલી પરંતુ તેનું પરિણામ હાનીઓના અભાવે શુન્ય સિવાય કાંઇ થયુંજ નહિ અફસોસ! સદ અફસોસ! મારી હાલની સ્થિતિ ને લીધે મારી જાણ પહેચાન ગુજરાતી અગ્ર શાહુકારમાં બીલકુલ નહિ હોઇ કોઇ પાસે આ કાર્ય કરવા ધનની માગણી કરવી યોગ્ય નહિ જણાતાં કોઇ પણ પ્રવૃતિ કરી તે સંબંધી હીલચાલ ઉપાડવાનું નકકી કર્યું અને તે હીલચાલ કરી આજે હું આપ સર્વ ભાઇઓની સેવામાં હાજર થયો છું તો મને મારા કાર્યમાં સહાય કરવા પરમારથ અર્થે શ્રી સચરાચર સ્વામિ સર્વના હ્રદયને ખેંચે એમ તેની પ્રત્યે મારી પ્રાર્થના છે.

આ કાર્યમાં મને પઇસા સંબંધી તેમજ પેટના ભરણ પોષણ સંબંધી કેટલીક મુશ્કેલીઓ આવી પડવાની તઇયારી ઓ થઇ પરંતુ મારો નિશ્ચય પાકો હોવાથી મેં તેની બીલ કુલ દરકાર પરમાત્મા પ્રત્યે હ્રદય ભાવ રાખી કરી નહિ કારણ કે "સત્યતા છે તો ભય રાખવા જરૂર નથી."

સંકટો આવ્યા તેને વિસાર્યા અને છેવટે કપાતે

પગારે રજા લઈ આ કર્મ કર્યું જેને આપ સર્વ માઠી નજરથી જોશો.

પ્રિય ભાઈઓ સ્કુલ કાઢવામાં ઘણું ખર્ચ છે. તેને માટે રકમ ઈશ્વરની સહાયતાથી તેમજ આપ ઉદાર સજ્જનોની સહાયતાથી જો એકઠી થઇ તો તે કાર્ય તરતમાં થશે અને તેમાં કુદરતી વિઘ્ન આવી પડયું અગર જોઈતી રકમ પેદા ન થઇ તો પછી હાલનું કાર્ય, જે ગુજરાતી તેમજ મરાઠી ગરીબ મા બાપોએ તેઓના સુતને મારે હવાલે આ કાર્ય કરવા અને કેળવણી લેવા સોંપેલા છે તેઓને કેળવણી આપવાને તમામ સાધનો નાટયનું ખર્ચ કમી કરતાં બચેલી રકમમાંથી પુરા પાડવા અને મંડળીનું કાર્ય સ્કુલ માટે જોઈતી રકમ મળતાં સુધી ચાલુ રાખવું.

આ જગ્યાએ પ્રિય ભાઈ સંગીત માસ્તર ગણુપતરાવ ચેન્હાણે સંગીત ગાયનો સર્વ બેસારી તૈયાર કર્યા છે ને જે મહેનત લીધી છે તેને માટે તેનો આભાર માનું છું, તેઓ સંગીતનું સારૂં જ્ઞાન ધરાવે છે. ભાઈ દત્તારામ, દલીચંદ ફુલભજી, જાદવજી, દાદાશંકર, મહેરજીભાઈ પેસ્તનજી ઉચ્યા રીયરસલ માસ્તર અને જે માવિત્રોએ પોતાના ફરજંદોને મને સોંપેલા છે તેનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું અને ઈશ્વર પાસે માગું છું કે તેઓનું વલણ સદા તેવુંજ રહે.

જે બચ્ચાંઓએ પોતાનો અભ્યાસ સારો રાખી આ કાર્ય કરવામાં ઉત્કંઠા રાખી છે તે બચ્ચાંઓનું હે પરમાત્મા મારે હસ્તે ભલું કર એમ વિનંતિ કરી મારા આ વિષેના કેટલાક ઉદ્દગારોને યોગ્ય સમય માટે રોકી રાખ્યા છે. અસ્તુ.

આ નાટ્ય તત્ત્વ જ્ઞાન ઉપર હોઈ કોઈ ભુલ હોય તો માફી આપશો, કારણ કે મનુષ્ય ભુલને પાત્રજ છે.

લી. દાસ

ચુનીલાલ.



# ગુર્જરતત્વવેત્તા અખો

ઉર્ફે

# અખો ભગત.

## નામક નાટકનો ટુંક સાર

### પ્રારંભ સુત્રધાર નટીઆળાઓ વસ્તુ સુચન

## અંક પહેલો

**પ્રવેશ ૧લો**—નાટ્યના નાયક અખાનું પોતાની બ્હેનની ભયંકર માંદગી સમયે દુખી થતાં તેના ખરા ઉદ્‌ગાર જાહેર કરતાં નીકળવું ત્યાં તેની માનેલી બ્હેન સુનંદાનું આવવું અને રૂ. ૩૦૦ની રકમ થાપણ તરીકે અખાને આપવા તેણે જણાવવું અખા સુનંદા અને સુભદ્રાની તેની માંદગી સંબંધી વાતચીત અખાની બ્હેનની મરણ સ્થિતિ યમનું આગમન સર્વની દુખદ સ્થિતિ.

**પ્રવેશ બીજો**—ખરાબ ચાલની સ્ત્રી ચંપાનું યૌવન અવસ્થામાં માયાવિ ઉદ્‌ગાર જણાવતાં નિકળવું ત્યાં અખાના શિરસ્તેદાર ચંપકનું આવવું બન્નેનો પ્રેમ મય મેળાપ ત્યાં અખાનું આવવું ચંપાનું ચાલ્યું જવું ચંપક અખા ઉપર જુદું તહોમત મુકી ટંકશાળના ઉપરી બનવાને માટે ઠરાવ કરી બાદશાહ પાસે જવું. અખાની વૈરાગી સ્થિતિની શરૂઆત ત્યાં સુનંદાનું આવવું અખાએ રૂ. ૩૦૦ ને બદલે રૂ. ૧૦૦નો વધારો કરી તૈયાર કરેલી કંઠી (માળા) સુનંદાને આપવી.

**પ્રવેશ ત્રીજો**—અખાના સત્ય ઉદગાર ત્યારબાદ ટંકશાળનો હિસાબ લાવવા દારપાલને ચંપકને કહેવા કહેવું. ચંપક બાદશાહ પાસે ગયાનું જાણી તેના વિષેનાં તેના સાચા ઉદગાર ત્યાં એકાએક તેની સ્ત્રીની માંદગી વિષેના ખબર મળવા અચાનક ચંપક તથા બાદશાહનું આવવું અખાની કસોટી સત્યતાને અંગે તેનું નિર્દોષ નીકળવું અને રૂ. ૩૦૦ને બદલે રૂ. ૫૦૦નો માસીક પગાર આપવા બાદશાહે કરેલું ફરમાન, ચંપકને હદપાર ફેરવા. ત્યાર બાદ અખાના નોકરી (દાસત્વ) સંબંધી ઉદગાર.

**પ્રવેશ ચોથો**—બ્રહ્મમાં લીન થએલ બ્રહ્માનંદનું ઉગ્રતપ ત્યા સમરાચર સ્વામી તથા જગમાયાનું આવવું બંનેની વાતચીત જગમાયાએ બ્રહ્માનંદની કસોટી કરી નથી ત્યાં સુધી સત્ય સાધક છે. એમ સમરાચર સ્વામીનું કહેવું ન માનવું. જગમાયાએ બ્રહ્માનંદની કસોટી કરવિ બ્રહ્માનંદની સમાધી છુટતાં તત્વમય વિચારે. તેના મુખથી નીકળવા માયા તરફ દ્રષ્ટિ આપની તૈયારી સમરાચર સ્વામીએ દર્શન આપી જગમાયાને બચાવવી અને બ્રહ્માનંદનું કાશી તરફ પ્રયાણ.

**પ્રવેશ ૫મો**—ચંપા ઘર પાસેના રસ્તા ઉપર ચંપકનું દેશપાર જતાં તેને સાથે લેવા આવવું ત્યાં ચંપાનું આવવું દેશપાર થયેલ હોવાથી ચંપાએ તેનો તીરસ્કાર કરવો ત્યાં શરાફનું આવવું ચંપા શરાફ અને ચંપકની વાતચીત અને તીરસ્કાર પામેલા ચંપકનાં માયાવિ ઉદગારો શરાફની ચાલાકી ત્યાં સુનંદાનું નીકળવું ચંપાનું ચાલ્યું જવું કંઠી (માળા) સંબંધી શરાફ તથા સુનંદાની વાતચીત શરાફનું જવું અખાનું આવવું, કંઠી સંબંધી વાતચીત

અખો પોતે સાચો છે છતાં વ્હેમી મનાય છે તેમ માની તેના સ્વાર્થ સંબંધી સત્ય ઉદ્દગાર.

**પ્રવેશ ૬ ઠો**—અખાની સ્ત્રી સુભદ્રાની ભયંકર માંદગી સુનંદાનું સાન્તવન ત્યાં અખાનું વૈદને લઇ આવવું. અખાના ઉદ્દગાર સુનંદાનું સાન્તવન સતી પતીવ્રતા હોઇ તેની અન્ત સમયની શુદ્ધ અને સાચી ભાવનાઓ નીકળતી અખાનું હૃદય સતીના જ્ઞાનમય ઉદ્દગારોથી જગતની માયા ઉપરથી છુટવું સુભદ્રાનું મરણ સ્ત્રીના મરણથી બેભાન અવસ્થા થતી ધર્મ, યમ અને સમરાચર સ્વામીનું આવવું સતી સ્ત્રીનું તારણ.

—ડ્રોપસીન—

---

# અંક બીજો

---

પ્રવેશ ૧ લો—અખાનું કેટલોક સમય સાધુ કસોટીઓ કરવામાં ગાળ્યા બાદ તેનું જયપુર જતાં રસ્તે નીકળવું તેના ઉદ્દગારો ત્યાં દંભી પાખન્ડીનું નીકળવું અખાએ મહાત્મા સમજી તેની કસોટી કરી ત્યાં ચંપક કે જે કર્મના ફળ ભોગવતો દુખી સ્થિતિમાં સમય ગુજારવા પાખન્ડીનો ચેલો બન્યો હતો તેનું આવવું પાખન્ડીની કુસંગ તેમજ ભ્રમથી માયા પાસે બંધાવું અખાનું ત્યાંથી જવું ત્યાં ચંપાને તેના કર્મના અંગે દુખદ સ્થિતિમાં ભાગી આવવું પાખન્ડી મહાત્માએ ચંપાને જોઇ પ્રેમમય બનવું અને ચંપાને લઇ ભાગી જવું.

**પ્રવેશ ૨ જો**—જયપુરમાં અખાનું ગોકુળનાથના બાળકોના દર્શનાર્થે આવવું ત્યાં ટુંક સમયને માટે રહેવું ગોકુળનાથ તથા અખાની વાતચીત અખાએ ગોકુળનાથની સાથે જવું ત્યાં પાખન્ડી અને ચંપાનું એકાએક મંદીરમાં દર્શનાર્થે આવવું ચંપા અને પાખન્ડીની વાતચીત ત્યાં ગામમાં આવેલા ચંપકનું આવવું ચંપાને જોઇ તેનું સ્તબ્ધ બનવું અને છુપીરીતે બન્નેની વાતચીત સાંભળવી અને ધર્મશાળા તરફ તેનું ચંપા અને પાખન્ડીની પાછળ ફરી ચંપાના પાસમાં બંધાવા જવું.

**પ્રવેશ ૩ જો**—પાખન્ડી અને ચંપાનું ધર્મશાળાના એક ભાગના રસ્તા ઉપર આનંદ પણ માયાવી સત્ય ઉદગારો સાથે નીકળવું ચંપકનું પણ પાછળ પાછળ આવવું ત્યાં અખાનું આવવું ચંપા ચંપક અને પાખન્ડીને જોઇ વિસ્મય થવું. ગોકુળનાથ તરફથી પણ સત્ય વસ્તુનો ભેદ ન મળતાં અખાનું બ્રહ્માનંદ પાસે જવા કાશી તરફ પ્રયાણ ત્યાર બાદ ચંપા અને પાખન્ડીની વાતચીત ચંપકનું પ્રત્યક્ષ થવું ચંપાનું હીમતી બનવું ત્રણે સાથે તકરાર પાખન્ડી ચાપીઓ ચંપકને મારવાને જાય છે ત્યાં એકાએક ચંપાએ ચાપીઓ ઝુંટાવી પાખન્ડીને માથામાં મારવો બરાબર દરમેઆર વાગતાં મરણ તોલ થઇ પડી જવું અને રસ્તા ઉપરથી તે સર્પને ઉપાડી બહાર ફેંકી દઇ ચંપક અને ચંપાનું ચાલ્યા જવું.

**પ્રવેશ ૪ થો**—કાશી તરફ જતાં જંગલમાં બ્રહ્માનંદનાં આશ્રમ નજીક અખાનું નીકળવું અખાના સત્ય ઉદગારો ત્યા એકાએક બ્રહ્માનંદ તથા તેના શિષ્યોનું નીકળવું અખાની આજીજી બ્રહ્માનંદે તેને સંસારી સમજી શિષ્ય ન સ્થાપવો તેથી છુપી થઇ

પરમાત્માના ચિન્તવનમાં તેનું બેશુદ્ધ થઇ જમીન ઉપર પડી જવું ત્યાં સત્યનો સહાયક સમરાચર સ્વામી તથા જગમાયાનું આવવું. જગમાયા અને સમરાચર સ્વામીની વાતચીત અખાને સ્વપ્નમાં જ્યોતીના દર્શન કરાવી, અને ફરી બ્રહ્માનંદ પાસે જવા અને રાત્રી સમયે જ્ઞાન લેવા સુચવી સમરાચર સ્વામીએ જગમાયા સાથે અદ્રસ્ય થવું.

**પ્રવેશ ૫ મો**—બ્રહ્માનંદ તેના શિષ્યોને સત્ય જ્ઞાન રાત્રી સમયે આપે છે તે અખો બહારથી છુપી રીતે લીએ છે અચાનક શિષ્યનું નિદ્રાધીન થવું અખાએ બહારથી હકાર આપવો બ્રહ્માનંદનું વિસ્મય થવું અને તપાસ કરતાં અખાને જોવો તત્વમય તેની કસોટી કરવી અખો સાચો સાધક જાણી ગુરૂમન્ત્ર આપવો અખાએ સત્ય વસ્તુના દર્શન કરવાની માગણી કરવી અને બ્રહ્માનંદે આકાશ ધ્વનિ અનુસાર સત્ય વસ્તુ સમજાવી શ્રી સમરાચર સ્વામીનાં દર્શન કરાવવા.

-ટેબ્લો-

---

# અંક ત્રીજો.

---

**પ્રવેશ ૧લો**—અખાનું ફરી નિર્ધન અને વૈરાગી સ્થિતીમાં ગોકુળ નાથનાં મંદીરમાં આવવું, ગોકુળનાથને તેના આવવાના ખબર દેવા પુજારીને કહેવું પુજારીએ તેનો અનાદર કરવો પરંતુ અખાની વિનંતી ઉપરથી ગોકુળનાથને ખબર દેવા પુજારીનું જવું, ગોકુળનાથે ઉપરથી અખાને જોવો, નિર્ધન સ્થિતિમાં હોઇ તેનો અનાદર કરવો

અખાના હૃદય ઉદગાર, ત્યાર બાદ પુત્રીની સાથે વાતચીત કરી અખાનું અમદાવાદ તરફ પ્રયાણ.

પ્રવેશ ૨ જો—ચંપા અને ચંપકની વિકટ સ્થીતી કર્મના અંગે મળેલ ફળ, તેઓનું દુ:ખી જીવનથી કંટાળી જવું, એકાએક અખાનું ત્યાં આવવું, અખાએ તેને ઓળખવા, કરેલા કર્મનો પસ્તાવો અખાને બન્નેએ સ્પર્શ કરવો, સાધુનું આવવું સાધુએ અખાને તે રોગ થવા કહેવું, અખાએ સત્ય ઉદગાર જણાવવા તેથી સાધુનું નાસ્યા જવું. ચંપા અને ચંપકનું અખાના પગમાં પડવું અને દુઃખદ સ્થિતી માટે પોકાર કરવો, અખાએ દયા કરી પરમાત્માની સ્તુતી કરી બન્નેને સાજાં કરવાં, તેઓએ તેની સાથે અમદાવાદ જવા તઇયાર થવું ત્યાં એકાએક પ્રેતરૂપે પાખન્ડીનું આવવું, અખાએ પોતાના પ્રભાવથી તેને બાળી ભસ્મ કરવો.

પ્રવેશ ૩ જો—અમદાવાદના મુસલમાન બાદશાહના ધર્મ સંબંધી વિચાર, તેણે ધર્મ પન્ડીતોની બોલાવેલી સભા. સત્યના ઉપર વિવેચન ત્યાં અખાનું બાદશાહને વન્દાનાર્થે તેમજ વિવેચન સાંભળવા અર્થે આવવું બાદશાહને અખાની વાતચીત, અખાના સત્ય ઉદગાર અખાના વચનો ઉપર સર્વની તેની હાજરીમાં માન્યતા, અખાનું જવું, અખાના ગયા બાદ સર્વ પંડિતોએ અખો વિધર્મી છે. તેમ કહેવું, બાદશાહે તેની ફરી કસોટી કરવા અખાના ગ્રહ તરફ જવું,

પ્રવેશ ૪ થો—સતસંગની મહત્વતા ચંપક તથા ચંપા અખાની સેવા કરે છે. અખાના બન્નેને બોધ વચનો, ત્યાર બાદ ચં-

પડતું અહ કાર્યમાં બેસવું અખાનો ચંપાને ઉપદેશ ત્યાં એકાએક બાદશાહનું આવી તેની વચ્ચે ચાલતી વાતચીત સાંભળવી, બાદશાહના સત્ય વિચાર, પરંતુ પન્ડીતોનાં ઉશ્કેરવાથી અખાને તેનો ઉપાલમ્ભ અખાનો જવાબ, બાદશાહનું ક્રોધમય બની અખા ઉપર પ્રહાર કરવા જવું, અખાની એક નિષ્ઠાથી બાદશાહનું સ્તબ્ધ બનવું. પન્ડીતો ઉપર બાદશાહનું ક્રોધાયમાન બનવું, અને અખા ઉપર બાદશાહની સત્ય દ્રષ્ટિ.

પ્રવેશ ૫ મો—અખાની મરણ સમયની સ્થિતી ચંપા અને ચંપકની સત્ય વૃતિ જોઇ અખાએ આખર વચનો કહેવાં, અખાનું જગત નિયંતાનું અન્તસ્મરણ, ત્યાં પાખન્ડીના પ્રેતનું આવવું, ચંપકને ચંપાની ભયભીત સ્થિતી, ચંપા અને ચંપકની પરમાત્મા પ્રત્યે સ્તુતિ અખાની સેવાથી પાખન્ડી પ્રેતનું તે બન્નેથી દુર રહેવું, સંત સેવાથી શ્રી પરમાત્મા આવી સર્વનું તારણ કરવું. સત મહત્વતા. આનંદ.

—ટેબ્લો—

## અંક ત્રીજો સમાપ્ત.

# નાટ્ય પ્રયોગનાં પાત્રો.

## પુરૂષ પાત્રો.

**અખો**—અમદાવાદનો સોની ટંકશાળનો ઉપરી પાછળથી સત્ય જ્ઞાની વૈરાગી.

**ચંપક**—ટંકશાળનો શિરસ્તેદાર અખાનો વિરોધી.

**બ્રહ્માનંદ**—યોગિ, બ્રહ્મને જાણનાર.

**સચરાચર સ્વામિ**—જગતપતિ.

**પાખન્ડી**—ભ્રમિત જ્ઞાની માયામાં લુબ્ધ બનેલો.

## સ્ત્રી પાત્રો.

**સુભદ્રા**—અખાની પત્ની. **સુનંદા**—અખાની માનેલી બ્હેન.
**ચંપા**—છટેલી વેશ્યા. **જગમાયા**—પરમાત્માની માયા.

**તે શીવાય બાદશાહ, સંત, શરાફ, ધર્મપન્ડીતો, સાધુ,**
ગોકુળનાથ બાળકો વિગેરે

**સ્થળ**—અમદાવાદ, જયપુર અરણ્ય કાશી પાસેનો ગંગાતટ.

## પાત્રોનો ઉદ્દેશ.

**અખો**—ઉપરા ઉપરી સંકટ આવતા સત્ય જ્ઞાન પ્રાપ્ત થતાં જગત ઉપરથી તેનો મોહ છુટવો. સત્યછે તો પરમાત્માસહાય છે.

**ચંપક**
**ચંપા** } વિશયી પુરૂષોની થતી સ્થિતી.

**સુભદ્રા**—સતી સ્ત્રીની અન્ત હાલત.

**તે શીવાય ધર્માન્ધ મનુષ્ય પણ માયાની [illegible] થાછે તેના પ્રત્યક્ષ દ્રષ્ટાંત.**

# ગુર્જર તત્વવેત્તા અખો

ઉર્ફે

# અખો ભગત

## નામક નાટ્ય પ્રયોગનાં ગાયનો

### અંક પહેલો.

સુત્રધાર— ૧

પ્રભુ પ્રાણદાતા હે વિધાતા.... ..................પ્રભુ૦
સત્ ચિત ઘન સુખ ધામ છો
જગના વિભુ વિશ્રામ છો
પ્યારા તારા ચરણે નમીએ
જય જય જય રત્નાકર........પ્રભુ૦
તવ ધ્યાન ધરતા સુર મુનિવર શેષ શંકર શારદા
મહીમાં મહેશ દયા ટાળો તનજનની આપદા....પ્રભુ૦

અખો— ૨

ભગતીથી કોઇ ન મોટું—
બીજું જાણું જગતમાં ખોટું—

બાળાઓ— ૩

દિવાની દુનિઆ બ્રહ્માંડ પાખંડ પુજેરે............દિવાની૦
સચરાચર સ્વામિ છે પાસે
બાજી કાંઈ મન નવ સુજેરે............દિવાની૦
જડ વસ્તુને હરિ સમજીને પુજે જન પાષાણ
ચૈતન્ય પુરૂષને પાછળ મુકે એવું જગ અંધું અજાણરે....દિ૦
પત્થર નાવને નિરમાં મુકી સો વાર પટકો શીશ.
કોટી ઉપાયે તે તો તરે નહિ ડુબે વસાએતો વીસરે....દિવાની૦
અંતર મેલ ભર્યો અતી પુરણ નિર્મળ જળ તું ન્હાય
મહા મણિધર ઘરમાં ત્યારે રાકડો દીપે શું થાય....દિવાની૦
સદગુરૂ શબ્દ તું ગ્રહણ કરીને પ્રગટ પંડમાં પેખ
દુર નથી એ નાથ નિરંજન દેદાર શુદ્ધ તું દેખરે—દિવાની૦

અખો— ૪

વિના જગનાથ સગું નહિ કોઇ
જગ વિશે જગ માયામાં નવ મોહી....વિના૦
કોના બાલ પીતા સુત દારા
કોણ કોનું છે સમજ મન તારા
જગ જંજાળ જોઇ..........................વિના૦
મીથ્યા ભ્રમ માયાના ખારા
મનુષ્ય મણે તે મનથી સારા
પણ આખર રહે રોઇ ...................વિના૦

અખો—　　　　　૫

પ્યારી મારી વ્હાલી બ્હેની જોને જરી તું આમ....પ્યારી૦
સંગ જુઠો જગનો જાણુ, અન્તક બને તું અજાણુ–જોને
જગની જુઠી માયા સમજી રટન કર શ્રી રામ
સાથે આવે કાંઇ નહિ રે ધન ધરાને ધામ..........પ્યારી૦
અન્ત સમય ભજ અવિનાશીને મ્હારી બ્હેની તુંય
સહાયક થાશે શ્રી હરી રે સત્ય વચન વદું હુંય....પ્યારી૦

ચંપા—　　　　　૬

ઘેલી બનું હું તો ઘેલી બનું મારા યૌવનના બહારમાં
ઘેલી બનું. (૨)
જોઇ રહું હું તો જોઇ રહું મારા છબીલા છેલને જોઇ રહું (૨)
મારા હૃદય મણી સંગ, ફરી લઉં હું ઉમંગ,
જગાવું પ્રેમનો હું જંગ મળી રસીલાની સંગ.
એછે યુવતી યુવકનો લ્હાવ.
ખીલે જેથી યૌવનનો બહાર
તન મન રંગ સંગ સૌ ચાહે આ..........એછે૦

૭

ચંપા—રંગીલા યાર દીલદાર આવો યૌવન બહાર લુંટો–(૨)
ચંપક—માનીતીનાર છું તૈયાર મનહરનાર લુંટો– (૨)

ચંપા—આવો માસ ચંપક ઇન્દ્ર

ચંપક—રૂપ રૂપમાં તું છે ચંદ્ર........ ....રંગીલા૦

ચંપા—જુગતે જોડી મળી છે રસીલા

જોઇ જશે કોઇ નવલી લીલા

ચંપક—સૌ થશે ભાઇ ઢીલા ઢીલા

ચંપા—ના— ના— ના—

ચંપક—હા— હા— હા— ....રંગીલા૦

અખો— ૮

વાર વારનહિ આવે અવસર વાર વાર નહિ આવે....અ૦
રામ ભજન કરી લેરે મુરખમન રામ ભજન કરી લેરે....અ૦
ધન યોવન તન કોણુ કામનું કેમ તું કૃપણુ કહાવે....અ૦
જેનું મન દ્રઢ રહ્યું ભકિતમાં તેને આંચ ન આવેરે....અ૦
દીન અખાની વીનંતીએ હરખી હરખ ગુણુ ગાવે રે....અ૦

સંત સાધુ— ૯

મુંજા પ્યારા પ્રીયતમરે તુંજી લગી આહે ધુનરે.......મુંજા
સચો સ્નેહી તું અસાંજો બીજો સગ આહે કુડ રે....મુંજા
માયા હી દુનીયાજી ચો હરી જો સતસંગ છડાયે
કમ એહડાં હથ કરાયે જો જગત મેં પ્રારાયે.......મુંજા૦

**સચરાચરસ્વામિ—** ૧૦

જન જાણુ મન મ્હારૂં નહિ તત્વ તેથી ન્યારૂં-(૨)

સત્ય વસ્તુ સહાવું (૨)

**જગમાયા**—રટન કર માયા મોહાવું (૨) જન૦

માયા મહીમાયા હરીની જગ વીશે છે એજ આ

જન મન તન તપ છોડીને માયા તાણુ પંથે પડ્યા

છે નામ શ્યામ પ્યારૂં .....................જન૦

**જગમાયા—** ૧૧

જુવો જરા જાગી ઓ સત્ય વસ્તુ ત્યાગી.

હૃદય ભ્રમને ભાંગી માયા મહી લાગી....જુવો૦

સત્ય વસ્તુની શોધમાં તપતીર તમ ધારી

વિચારો હૃદયે તમે તો માયા મહીથી નાપરી.

અવિનાશી ના અનુરાગી—જુવો૦

**અખો—** ૧૨

જાગી જુવોને જગવાડી સંસારીઆ જાગી જુવોને જગવાડી

કાચી માનોને કાયા વાડી (૨) સંસારીઆ—જાગી૦

મળી જશેરે માટી માંહી સંસારીઆ (૨) જાગી૦

નહિ કોઇ તારૂં આંહી સંસારીઆ (૨) જાગી૦

રાખો હૃદય રામ માંહી સંસારીઆ (૨) જાગી૦

અખો— ૧૩

મેં આયુ વ્યર્થ વિતાવ્યું

નવ રામનામ હૃદયે આવ્યું (૨)....મેં૦

સંસારી કર્મ ચહવાયુ નવ સત્ય મને સમજાયું (૨)....મેં૦

રહ્યો સ્વાર્થમાં અથડાઈ નવ પરમારથ નિહાળું.....મેં૦

પ્રભુ આત્મબળ તો દીધું ધર્યું ધ્યાન ધણીનું સીધું....મેં૦

અંક પહેલો સમાપ્ત.

---

## અંક બીજો

---

અખો— ૧૪

સંસાર સાગર લાગે મને ખારો,

વ્હાલા મારા પાર ઉતારો....સંસાર૦

સહાય સ્વામી મુજને તારી

હસ્ત ગ્રહીને લેતું ઉગારી

દીન અમાને આધાર તારો

વ્હાલા મારા પાર ઉતારો....સંસાર૦

ચંપા— ૧૫

સેવા કરીશ હું સુંદીર શ્યામની
સુંદીર શ્યામની (૨) સેવા૦
મારૂં કહેવું છું શ્યામ ભોળા
હું તો બની છું આપની દાસી....સેવા૦
અંગે અત્તર ગુલાબ લગાવી
પાખન્ડી–વાહ! વાહ! ખુશી હુવા હું મૈ દામની....સેવા૦
ચંપા–રૂડી ફુલમાળા પહેરાવી પ્રેમની
પાખન્ડી–કર્મ કીયા માયાકા મૈં કામની
વાહ! વાહ! ખુશી હુવા હું મૈ દામની............સેવા૦

સર્વ— ૧૬

જય જગ પાલક તું દુખ ટાળક દીનદયાળ
તુંહી સુખ કર હે ભવતારક યાચે બાળક તુંહી કૃપાળ....જય
જગ વ્યાપક તું સચરાચર
હે યશદાયક જોડે પાળક હાથે બાળક........જય૦
બાળક છે આ અજ્ઞાની
શરણાંગત તવ ચરણ ધરી શીર શ્રીયુત અમ કર....જય૦

૧૭

ચંપા—વાહ વાહ! મારા પાખન્ડી પ્યારા
ઘેલી કરી નવેલી આ દારા...........વાહવાહ!
પાખન્ડી—પ્યારી નયના શીતલ હુવા મેરા

ચંપા—ચાલો ચમનની થઇ છે વેળા
પાખન્ડી—મુજે પ્રેમ બતાયા તેં ગ્હેરા
ચંપા—ત્યારે કેમ હવે તો આનંદ
પાખન્ડી—મગર ખાનેકા નાહીં કંદ...........વાહવાહ !

આખો— ૧૮

વ્હાલો જગનો નાથ જગમાંહી એક છે
મને તો પ્રભુ નવ નામની ટેક છે (૩).......વ્હાલો૦
હૃદય રચ્યું છે મારૂં રામા તવ ધ્યાનમાં
પીવું અમૃત પાઉં તુને મુજ પ્રેમમાં
અન્તે તુંહી તુંહી છેક છે છેક છે છેક છે....વ્હાલો૦

સચરાચરસ્વામી- ૧૯

જન મન રટન મમ કરતા
સંસાર સંકટને તરતા...........જન
ધર્મ ધૈર્ય ધ્વજાને ધરતા
નવ પર નિન્દા પદ પળતા.......જન

આખો— ૨૦

તારક છો મારા પ્રભુજી તારક છો મારા
દીન અખાની એજ વીનંતી કાપો ભવ દુખ મારા....તારક૦
તારો મુજને જગત તીરથી
આનંદ—ગુરૂમંત્ર દેઉં પ્યારા હર્ષથી ગુરૂમંત્ર દેઉં પ્યારા....તારક૦

અંક બીજો સમાપ્ત

# અંક ત્રીજો

---

અખો—                    ૨૧

જાણુ જગતની માયારે મોહે ભરેલી....જાણુ૦
જાણુ છતાં અણુજાણુ બનીને
ભાન છતાં બેભાન બનીને
માન ધર્મ ધારી...........જાણુ૦
ધર્મને ઢોંગે ધર્મ ધારી ધન
રહે જગત પણુ લુંટી મોહે ભરેલી....જાણુ૦

ચંપક ચંપા—                    ૨૨

આ રંક તણી પીડારે કોણુ કાપેરે
છે દુખી જીંદગી અમારી રે કોણુ સુખ આપેરે....આ૦
ફૂળ કરમનું મળીયું અમને (૨)
રહ્યાં રીબાઇ રીબાઇ
બચાવો કોઇ તો અમને, રહ્યાં છે હૃદય પસ્તાઈ....આ૦

અખો—                    ૨૩

દીસે નહિ જગ બીજે એકે
અરે એકે વસ્તુ ક્યાંઇ

પ્રભુ સંકેતથી સઘળી
પરસ્પર રહી બીડાઇ............દીશે૦
નિહાળી નિયમ આ જહાં ત્હાં
રહો તમ તે સાધ નવ કાં
અરેરે આ જમાનામાં
ન આવે સત્ય જોવામાં............દીસે૦

અખો— ૨૪

હું સાચો ધણી તુજને જગ સમજું
ટેક પાળ આ તું દીનનની
આ જગમાં તું નાથ મારો
હૃદય આધાર મને એક તારો
સઘ સમજીને શરીર સુધારૂં હું—

અખો— ૨૫

માનવ મન મોહન ભજનેરે........જગ વ્હાલા
અવર વ્યાધી જગ તજનેરે ,,
સુખ દુઃખ સૌ સહેવા જડને
વ્યાધી ન અંતર આત્મનને ,,
કૂટ પદારથ સંબંધને
પ્રેમથી તું પર હરને ,,

બાદશાહ—  ૨૬

કૈસી...હી પ્રીતી સતપર હૈ તેહરી (૨)
આત્મ અર્ક યુત હૃદય હૃદયમેં
સત્ય પ્રીતી મનકી..............કૈસી૦
યો જબ પ્રીત સાચ્ચ મન આવે
મીલે જ્યોત ઉનકી...........કૈસી૦

સંત—  ૨૭

સત સંગત કર વ્હાલા—
આ................આ...............સત૦
જન્મ સફળ કરવાને—
એ................એ...............સત૦
યજ્ઞ દાન જપ તપ બહુ ભારી
છાપ તીલક માલા ગલે ધારી
જ્ઞાન વિના નહિ મોક્ષ...............સત૦

૨૮

ભજ સચરાચરનું નામ રટન કર સચરાચરનું નામ
રટન કર અખંડ શાન્તીને આપે (૨)

મંગલ કર માધવ ગીરધારી
ભવ દુઃખ સરવે કાપે..................ભજ૦
તન મન વાણી નાથ અમારી
સદા વિમળ સુખે આપે...........—ભજ૦
જન મન સત્યને નિયમે પળતા
ગુણુ હૃદય તવ ગાવે....................ભજ૦

॥ ॐ ॥ शान्तिः शान्तिः शान्तिः

સમાપ્ત

# ધી કોરોનેશન ઇંગ્લીશ નાઇટ ક્લાસ

## ક ચે રી રો ડ

દેશી પેઢીઓના મહેતાજીઓ, ગુજરાતી
શાળાના શિક્ષકો, કારીગર બંધુઓ,
અંગ્રેજી શાળામાં જતાં બાળકો
માટે
બહુજ દરે અંગ્રેજી શિક્ષણ લઈ જીંદગીને
સુખ રૂપ બનાવવાની ઉત્તમ તક

ધી કોરોનેશન ઇંગ્લીશ નાઇટ ક્લાસ
( કચેરી રોડ સુન્ના લૉજ આગળ છે. )

આ શાળાએ ટુંક સમયમાં પોતાની પ્રતિષ્ઠા જમાવી છે તેનાં મુખ્ય કારણો સુશિક્ષિત શીક્ષકો માલીકની જાતી દેખરેખ, નજીવી ફી, અનુકુળ વખત સર્વોત્તમ શિક્ષણ વિગેરે છે. માટે અમુલ્ય વખતનો વ્યય ન કરતાં આજેજ સુખી થવાનો માર્ગ પકડો વધુ વિગત માટે મળો મેનેજર.

ધિ કોરોનેશન ઇંગ્લીશ નાઇટ ક્લાસ
કચેરી રોડ સુન્ના લૉજ

# મેતા એન્ડ વિધાની ફોટો આર્ટ

## સ્ટુડીઓ

જ્યાં એનલાર્જીંગ, ઓઇલ પેઇંટીંગ, બ્લેક અને વાઇટ સીપીયાં ટાઇપ, વોટર કલર, તથા કીસ્ટોલીઅમ પેઇન્ટીંગ વગેરેનું દીલકશ કામ અપ ટુડેટ ફેશનમાં કરી આપવાનું માથે લઈએ છીએ, અને લાઇકનેસની ગેરંટી આપીએ છીએ.

સ્કેચ પોરટ્રેટનું વર્ક ઘણુંજ સરસ રીતે ફીનીશ કરવામાં આવે છે.

અરજન્ટો ટાઇપનું વર્ક મેતા એન્ડ વિધાની એકલાજ કરે છે.

સ્ટુડીઓ પોરટ્રેડ વર્ક, બ્રોમાઇડ, સીપીયા ટાઇપ, કોપર ટાઇપ, વીગેરે. તેમ દરેક પ્રકારનું ફોટોગ્રાફીક વર્ક અમારે ત્યાં ફીનીશ થાય છે, આઉટ ડોર પોરટ્રેટ તથા ગ્રુપ વર્ક ઓર્ડર મળવે તુરત બજાવવામાં આવશે.

બચ્ચાંઓના ફોટોગ્રાફ મેતા એન્ડ વિધાની અચુક પણે કાળજીપુર્વક કામ કરી ઘરાકોનું મન પસંદ કરવાની ગેરંટી આપે છે.

સ્ટુડીઓના દરરોજ વર્કીંગ કલાસ સવારના ૮થી સાંજના ૬ સુધી.

મેતા એન્ડ વીધાની
ફોટોગ્રાફીક આરટીસ્ટ

બંદર રોડ, કરાચી

ગાયનનું નવું પુસ્તક

૪૦૦ ચારસોથી વધુ ગાયનનું મ્હોટું સંગ્રહ

# નાટ્ય રસ રાગ મંડલ

અથવા

# ગમ્મતની ગુફા

જેની અંદર જાણીતા ઉસ્તાદો, તથા મુંબઇ અને ગુજરાત માંહેલી સઘળી જુની અને જાણીતી, ઉર્દુ તથા ગુજરાતી નાટક મંડળીઓના લોકપ્રિય ખેલોમાંથી ઘણાજ રસીલાં અને મધુર ગાયનોનું મ્હોટું સંગ્રહ કરેલ છે.

કીંમત આઠ આના.

મળવાનું ઠેકાણું

રાજગોર વેલજી લાલજી ઠે. કચ્છી ગલી

ટોપીવાલા ડાયાલાલ ખેરાજભાઇ ઠે. મીડાધર

બીડીવાલા કરશન પ્રાગજી ઠે. નેપીયર રોડ

છપાય છે !　　સનાતન ધર્માવલંબીઓને સાચી તક　　છપાય છે !!

પોતાના બાલક તથા બાલીકાઓને સંપુર્ણ ધાર્મીક, નઇતીક, ને વ્યહવારીક નિશંક પણે કેળવણી આપવાને માટે બાળકોના હસ્તમાં મુકવા યોગ્ય સદપુસ્તક.

# બાલોપયોગી મનુસ્મૃતિ

## યાને હિન્દોદય ધ્વનિ

અગાઉથી ગ્રાહક થનાર સદગ્રસ્થોનાં નામ આશ્રય દાતા તરીકે પુસ્તક સાથે જોડવામાં આવશે. જાહેર ખબર આપનારાઓને ખાસ સગવડ મુલ્ય ૦–૮–૦

**નામ નોંધાવો, શિરનામું:—માસ્તર ચુનીલાલ ઉમીયાશંકર નિવાસી વાંકાનેર.**

C/O હિંદુ એકેડમી, કરાચી.

# વાંચ્યા વિના રહેશો નહિ

**ભેટ આપવા લાયક હેકો સેન્ટ, તેલ અને અત્તર ક્યાંથી ખરીદ કરશો ?**

# હેકો સેન્ટ

આ એ હેકો સેન્ટ, તેલ, અત્તર અને પોમેડાઝ ચોખ્ખા ફુલોના અરકમાંથી બનાવવામાં આવ્યું છે, અને લાકડાની ફેન્સી બાટલીમાં કાચની શીશીમાં બંધ કરવામાં આવ્યું છે. તેનું ઢાંકણું ( સ્ટાપર ) એવી ઉત્તમ ગોઠવણીથી બનાવવામાં આવ્યું છે, કે સેન્ટ લગાડવાની સળી તરીકે કામ લાગે છે. ા ાા અને એક ડ્રામની તેમજ ાા અને એક આઉંસની કાચની બાટલીઓમાં પેક થએલું આવે છે.

આ એ સેન્ટનો લાભ હીંદુ, મુસલમાન, વિગેરે છુટથી લઈ શકે છે કારણકે તેમાં દારૂનું મુદલ મિશ્રણ નથી.

હેકો ફ્યુમીરીંગ પાઉડર—આ એ પાઉડર ઘણુંજ ખુશબોદાર છે, અને કપડાઓમાં સાથે રાખવાથી તેની ખુશબો ઘણીજ બહેકે છે.

હેકો પામેડાસ—આ એ વાળાના વાળને લગાડવાથી, વાળ નરમ થાય છે અને મગજને ઠંડક આપે છે, અને તેમજ ખુશબો પણ ઘણીજ રહે છે.

એ સિવાય અમારી પાસે લંડનની જાણીતી કંપની ગોસ્મીથના સેન્ટ જેવા કે સેમુલનરગીસ ફુલનાના ફુલનાના કુલાન વોટર વગેરે મળી શકે છે. જથ્થાબંધ લેનારને સારૂં કમીશન મળે છે. અડધા આનાની ટીકીટ મોકલવાથી પ્રાઇસલીસ્ટ મોકલીશું.

**સીંધ, પંજાબ અને બલુચીસ્તાનના સોલ એજન્ટ**

**લાલજી હરજીવન મહેતાની કું, બંદર રોડ કરાચી.**

વાપરો—

# સીમેન્ટ બ્લોક્સ

**તમારે સુંદર બીલ્ડીંગો બાંધવી છે? આવો અને અમારા કારખાનામાં બનતા સીમેન્ટના સફાઈદાર પથરા જુઓ.**

અમારે ત્યાં—

૧ હાથથી ઘડાએલા કુદરતી પથ્થર કરતા કોઈ પણ રીતે ઉતરે નહિ તેવા નકશીદાર અને લીસા સીમેન્ટના પથ્થર દરેક કદના કે નમુનાના મળી શકે છે.

૨ ઘડાઈઓની લાડમારીને લીધે તથા તેમની સાથે કરવી જોઈતી માથાકુટને લીધે તેમજ કરાચીના કુદરતી તથા બીજા જાતના પથ્થરને કસર લાગતા હોવાથી બાંધનારાઓ મનમાનતા નમુનાની બીલ્ડીંગ બાંધવામાં નિષ્ફળ થાય છે. તે તકલીફમાંથી મુક્ત થવા એક વખત મુલાકાત લેવાની સખત ભલામણ કરવામાં આવે છે.

૩ લીસા, ગંઠારા, બંધના કે ગોળ પીલરવાળા નમુના નમુનાના પથ્થર દીલપસંદ કાનસો, શાશીઓ, જાળીઓ, કુંડાઓ વિગેરે તઈયાર રાખવામાં આવે છે. અગર ઓર્ડરથી બનાવી દેવામાં આવે છે.

**ભાવ કીફાયત રાખવામાં આવ્યા છે.**

કારખાનું બંદર રોડ ઉપર
બોલ્ટન મારકીટની સામેનાં
જુની ફોજદારીના કમ્પાઉન્ડમાં

ઠા. વિશરામ નરસી એન્ડ બ્રધર્સ
સીમેન્ટ બ્લોક મેન્યુફેકચર્સ
એન્ડ કંટ્રાકટર્સ
ઓફીસ કચેરી રોડ રામબાગ ખાડીખાતા
કરાચી સીટી.

# ઓટો પરસ્તાન.

ખુશબોદાર સેન્ટ ઓટો પરસ્તાન જે કપડાંની ઉપર તે છાંટવામાં આવે છે તે કપડામાંથી ચાર દિવસ સુધી સુગંધ જતીજ નથી. તરતજ ખરીદો.

ઠેકાણું—

અબ્દુલાભાઈ કાસમની કું.


બંદર રોડ—કરાચી.

---

# જે. માણેકરાય એન્ડ સન્સ.



ઝવેરી તેમજ સોના રૂપાના દાગીના બનાવનાર તમામ જાતનું પ્લેટ કોતર કામ અને નકશી કામ કરનાર અમારે ત્યાં ઉપરનું કામ એકજ ભાવે અને દીલ પસંદ કરી આપવામાં આવે છે.



મળો—

**J. MANEKRAI & SONS**

એલ્ફીન્સ્ટન સ્ટ્રીટ,—કેમ્પ કરાચી.